BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદ

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4


# જ્ઞાનગંગા

## ન્યૂઝ લેટર






વર્ષ : 19 અંક : 67 ઑક્ટોબર – ડિસેમ્બર 2025

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

# કુલપતિશ્રીની કલમે...



જ્ઞાનગંગા ઑક્ટોબર-ડિસેમ્બર 2025 ત્રૈમાસિક નિમિત્તે BAOU પરિવારની શૈક્ષણિક સક્રિયતા તથા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોની જાણકારીથી પ્રસન્નતા અનુભવાય છે.

યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના 75મા જન્મદિવસ નિમિત્તે 'અમૃતપર્વ: સ્વદેશીથી વિકસિત ભારત' વિષયક રાષ્ટ્રીય અનુસૂચિત આયોગના અધ્યક્ષશ્રી કિશોરભાઈ મકવાણાના વ્યાખ્યાનનું આયોજન થયું. આ નિમિત્તે સાબરમતી-અમદાવાદના ધારાસભ્યશ્રી હર્ષદભાઈ પટેલે પણ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું. અત્રે વિગતે રજૂ થયેલો અહેવાલ કાર્યક્રમની સફળતાને ઉપસાવે છે.

ગાંધીજયંતી નિમિત્તે વિશ્વવિદ્યાલય પરિસરમાં 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત 'સ્વચ્છોત્સવ'ના આયોજન સાથે સફાઈ કર્મચારીઓનું વિશેષ સન્માન થયું. સહર્ષ જણાવવાનું કે, ન્યુ દિલ્હી ભારત મંડપમ ખાતે FICCI Higher Education Summit 2025 દરમિયાન BAOUને 'Excellence in Institutional Social Responsibility' એવોર્ડ પ્રાપ્ત થયો.

તમિલનાડુ સ્ટેટ ઓપન યુનિવર્સિટી ખાતે પદવીદાન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેવાનું થયું. તે વિગતો અહીં સંક્ષિપ્તમાં મૂકી છે. સરદાર વલ્લભભાઈ પટેલના જન્મજયંતી સપ્તાહ નિમિત્તે 'વિજિલન્સ અવેરનેસ વીક' તથા સરદાર વિષયક પુસ્તક પ્રદર્શનનું આયોજન નેત્રદીપક રહ્યું.

આ સિદ્ધિઓની શૃંખલામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યુનિવર્સિટીએ અનેક નવાં શિખરો સર કર્યાં છે. શૈક્ષણિક આધુનીકરણ અને વૈશ્વિક જોડાણની દિશામાં યુનિવર્સિટીના યજમાનપદે 'Vice-Chancellors' Round Table Meet 2025'નું ઐતિહાસિક આયોજન થયું, જેમાં કૉમનવેલ્થ ઑફ લર્નિંગ (COL)ના પ્રેસિડેન્ટ પ્રો. પીટર સ્કોટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ જ મંચ પરથી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અંગેની પોલિસી, ગ્રેજ્યુએટ એમ્પ્લોયેબિલિટી ફ્રેમવર્ક અને 'જ્ઞાનાર્ક' (ડિજિટલ ટ્રેઝરી) જેવા ત્રણ મોટા શૈક્ષણિક પ્રકલ્પોનું લોન્ચિંગ કરી આપણે ડિજિટલ લર્નિંગમાં નેતૃત્વ પૂરું પાડ્યું છે. તદુપરાંત, નવી દિલ્હી ખાતે વિજય દિવસના પાવન અવસરે AICTE અને અન્ય રાષ્ટ્રીય સંસ્થાઓના સહયોગથી યોજાયેલ 'Pride of Nation Awards 2025'માં BAOUને 'National Excellence Honour'થી સન્માનિત કરવામાં આવવું એ આપણા સૌ માટે અત્યંત ગૌરવની ક્ષણ છે.

ભારતીય જ્ઞાન-પરંપરા (IKS)ને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા યુનિવર્સિટીને 'સેન્ટર ફોર ઇન્ડિયન ક્યુલિનરી એન્ડ પરફોર્મિંગ આર્ટ્સ'ની સ્થાપના માટે વિશેષ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે, જે આપણી સંસ્કૃતિના સંવર્ધન માટે એક ભગીરથ કાર્ય બની રહેશે. આ સાથે જ, ICCS-ભારતના સહયોગથી આંતરરાષ્ટ્રીય રિસર્ચ જર્નલ 'IJWATCH'નું વિમોચન, 10-દિવસીય સંસ્કૃત સંભાષણ શિબિર તેમજ 'ભારતીય ભાષા ઉત્સવ'નું આયોજન આપણી જ્ઞાનયાત્રાનાં ઉત્તમ ઉદાહરણો છે.

મહિલા સશક્તિકરણ અને સામાજિક ઉત્તરદાયિત્વ પણ આપણાં કાર્યોના કેન્દ્રમાં રહ્યાં છે. 'ગાર્ગી' કેન્દ્ર દ્વારા મહિલા કર્મચારીઓ માટે કેન્સર અને સંપૂર્ણ હેલ્થ ચેકઅપ શિબિરો યોજવામાં આવી, તેમજ સફાઈ કર્મચારી બહેનો માટે અત્યંત

આવશ્યક એવા 'સાક્ષરતા અભિયાન'નો પ્રારંભ કરવામાં આવ્યો. અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવમાં જેલના કેદી ભાઈઓના કલ્યાણ અને શિક્ષણ માટેની આપણી પહેલને રજૂ કરતો વિશેષ સ્ટોલ સૌની પ્રશંસાનું કેન્દ્ર બન્યો. 'વિશ્વ દિવ્યાંગ દિવસ'ને 'વર્લ્ડ એબિલિટી ડે' તરીકે ઉજવીને આપણે સર્વસમાવેશી શિક્ષણ (Inclusive Education) પ્રત્યેની આપણી કટિબદ્ધતાને વધુ મજબૂત બનાવી છે.

રાષ્ટ્રપ્રેમ અને સંસ્કૃતિના જતન અર્થે રાષ્ટ્રગીત 'વંદે માતરમ્' ગીતની 150મી વર્ષગાંઠે સમૂહગાન અને સ્વદેશી અપનાવવાના શપથ લેવાયા. જનજાતીય ગૌરવ વર્ષ અંતર્ગત ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતીની ઉજવણી, સંવિધાન દિવસે આમુખનું પઠન, 'નશામુક્ત ભારત' અભિયાન, તેમજ ગીતા જયંતી નિમિત્તે ગીતાશ્લોકગાન સ્પર્ધા અને ધનતેરસે લક્ષ્મીપૂજન જેવા કાર્યક્રમોએ યુનિવર્સિટીના વાતાવરણને રાષ્ટ્રીય અને આધ્યાત્મિક ચેતનાથી તરબતર કરી દીધું. દક્ષિણ આફ્રિકાની ડરબન યુનિવર્સિટી ઑફ ટેક્નોલૉજી (DUT) સાથે શૈક્ષણિક ભાગીદારી અને બોત્સ્વાના ખાતે #PCF11BW વર્કશોપમાં સહભાગિતા દ્વારા આપણે આંતરરાષ્ટ્રીય ફલક પર પણ સક્રિય રહ્યા છીએ.

નવા પ્રવેશાર્થીઓ માટે યોજાયેલા ઓરિએન્ટેશન પ્રોગ્રામ હોય કે SSIP 2.0 અને 'સ્વદેશોત્સવ-2025' અંતર્ગત સ્ટાર્ટઅપ

પ્રો. અમી ઉપાધ્યાય
કુલગુરુ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

# વડાપ્રધાનશ્રીના 75મા જન્મવર્ષ નિમિત્તે ‘અમૃતપર્વ: સ્વદેશીથી વિકસિત ભારત’ વિષયક વ્યાખ્યાન યોજાયું

02 ઑક્ટોબર, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહ ખાતે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 75મા જન્મવર્ષ નિમિત્તે ‘અમૃતપર્વ: સ્વદેશીથી વિકસિત ભારત’ વિષય પર એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય અનુસૂચિત આયોગના અધ્યક્ષ શ્રી કિશોરભાઈ મકવાણાએ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહીને સૌને પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું.

શ્રી કિશોરભાઈ મકવાણાએ પોતાના વક્તવ્યમાં સ્વામી વિવેકાનંદના સ્વપ્નનું ભારત અને ભારતમાતા વિશેની સંકલ્પના સાકાર થઈ રહી હોવાનું જણાવી, આ ઐતિહાસિક સમયના સાક્ષી બનવાનું ગૌરવ વ્યક્ત કર્યું. તેમણે ભારતમાતાના પરમ વૈભવના આ જાગૃતિકાળને વિવિધ ઉદાહરણો દ્વારા બિરદાવ્યો. તેમણે જણાવ્યું કે સદીઓથી સતત વિદેશી આક્રમણોનો સામનો કરવા છતાં ભારત આત્મનિર્ભર અને ગૌરવભેર ટકી રહ્યું છે. વર્ષ 2047માં વિકસિત ભારતની સંકલ્પના સિદ્ધ કરવા માટે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રભાવના બળ વિશે વાત કરતાં તેમણે ઉમેર્યું કે જો આપણે આત્મનિર્ભર બનીને ‘સ્વદેશી’ અપનાવીશું તો બધું જ શક્ય છે. સ્વામી વિવેકાનંદજીએ શ્રી જમશેદજી તાતાને ભારતમાં ઉદ્યોગની સ્થાપના માટે જે પ્રેરણા આપી, તે ઐતિહાસિક સંવાદનો તેમણે અત્યંત અસરકારક રીતે ઉલ્લેખ કર્યો.

આ ઉપરાંત, ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા લિખિત સાહિત્યનો સંદર્ભ આપીને તેમણે જાપાનમાં પ્રવર્તતા ઊંચ-નીચના ભેદભાવો અને ત્યારબાદ તે દૂર થવાથી જાપાનમાં આવેલી સમૃદ્ધિની વાત રજૂ કરી. વર્ષ 1945માં ડૉ. બાબાસાહેબ આંબેડકરે આત્મનિર્ભર ભારતની જે વાત કરી, તેના માર્ગે જ વર્તમાન સમયમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આત્મનિર્ભર થઈ રહ્યો છે, તેમ તેમણે ગર્વભેર જણાવ્યું. અંતમાં, તેમણે આપણા સાંસ્કૃતિક વૈભવ અને વારસા પ્રત્યે ગૌરવ અનુભવવા પર ભાર મૂકી, એકતા અને નાગરિક કર્તવ્ય પ્રત્યે સભાન રહી દેશ તથા સ્વદેશી પ્રત્યે જાગૃત રહેવા સૌને આહ્વાન કર્યું.

આ પ્રસંગે સાબરમતી-અમદાવાદના ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલે પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં વિકસિત ભારતની કલ્પનાને સાકાર કરવા માટે જનઆંદોલનની ભૂમિકા અને આત્મનિર્ભર ભારતની પ્રસ્તુતતા અંગે વિસ્તૃત ચર્ચા કરી. ભારતની પ્રાચીન, સાંસ્કૃતિક અને વૈભવશાળી પરંપરાનું ગૌરવ વધારવા તથા તેનું જતન કરવા માટે તેમણે ભારતીય સંસ્કારો અને સ્વદેશી જેવી રચનાત્મક જાગૃતિનું મહત્ત્વ સમજાવ્યું. તેમણે વિશેષ રૂપે ‘ભાષા, ભૂષણ, ભોજન અને ભ્રમણ’માં સ્વદેશીને કેન્દ્રમાં રાખવા માટે સૂચન કર્યું. સમાજ કલ્યાણ અને ભારત કલ્યાણની દિશામાં વડાપ્રધાન દ્વારા લેવાયેલા વિવિધ પગલાં અને યોજનાઓને તેમણે આદરપૂર્વક યાદ કરી, દેશના વિકાસ, જનસહાય અને વિકાસની હરણફાળનું ગૌરવપૂર્વક અભિવાદન કર્યું.

કાર્યક્રમના અંતમાં યુનિવર્સિટીના કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે પોતાનું સમાપન વક્તવ્ય આપ્યું. તેમણે અમૃતપર્વ અને વડાપ્રધાનના જન્મદિવસના સંદર્ભમાં, દેશના વડાપ્રધાનને વિદેશ પ્રવાસો દરમિયાન મળતા માન-સન્માનને ગૌરવભેર યાદ કર્યું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)ના સંદર્ભમાં ભારતીય ભાષા, સ્વાધીનતા, સ્વદેશી અને ભારતીય જ્ઞાનપરંપરાનું જે સંવર્ધન થઈ રહ્યું છે, તે વિશે તેમણે અત્યંત રાજીપો વ્યક્ત કર્યો. તેમણે વિવિધ ઉદાહરણો દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ થકી બદલાઈ રહેલા સમયને રેખાંકિત કર્યો. વિશ્વગુરુ તરીકે વિશ્વબંધુત્વની ભાવના સતત વિસ્તરતી રહે અને તે ભાવ શિક્ષણની સંકલ્પના દ્વારા સિદ્ધ થાય, તેમજ સ્વદેશીની ભાવના થકી રાષ્ટ્રને કેન્દ્રમાં રાખી સક્રિય રહેવા તેમણે સૌને

અનુરોધ કર્યો. શિક્ષણ સંસ્થાએ કોઈપણ ઉત્તમ વિચારને બીજમાંથી વૃક્ષમાં રૂપાંતરિત કરવા માટે સતત પ્રયાસો કરવા જોઈએ, તે બાબત તેમણે અત્યંત સહજ રીતે ઉદાહરણો સહિત સમજાવી. લોકશાહી વ્યવસ્થામાં સ્વદેશી વિચારનો વ્યાપક પ્રચાર અને પ્રસાર થાય તેવો સંકલ્પ કરવા તેમણે અનુરોધ કર્યો.

બોર્ડ ઑફ મેનેજમેન્ટના સભ્ય શ્રી યતીન પટેલ તથા સમગ્ર યુનિવર્સિટી પરિવારની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી નેહાબહેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું. એકંદરે, આ વિચાર-સમૃદ્ધ કાર્યક્રમથી સૌ ઉપસ્થિતો જ્ઞાનસભર થયા.









# ગાંધીજયંતી નિમિત્તે 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત 'સ્વચ્છોત્સવ'નું આયોજન: સફાઈ કર્મચારીઓનું વિશેષ સન્માન

02 ઑક્ટોબર, 2025

અમદાવાદ: યુનિવર્સિટીના એક્સ્ટેન્શન એક્ટિવિટી સેલ તથા સમાજકાર્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે ગાંધીજયંતી નિમિત્તે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત 'સ્વચ્છોત્સવ'નું પ્રેરણાદાયક આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી પરિસરને સ્વચ્છ અને સુંદર રાખવામાં અમૂલ્ય યોગદાન આપનાર સફાઈ કર્મચારીઓનું તેમની નિષ્ઠાવાન કામગીરી બદલ વિશેષ સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે સફાઈ કર્મચારીઓની મહત્ત્વની ભૂમિકાની સરાહના કરી, આગામી સમયમાં પણ તેઓ સ્વચ્છતાની આ જવાબદારીને પૂર્ણ નિષ્ઠાથી નિભાવતા રહે તેવો પ્રોત્સાહક અનુરોધ કરવામાં આવ્યો. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયે પ્રેરક ઉપસ્થિતિમાં યુનિવર્સિટીની જુદી-જુદી વિદ્યાશાખાઓ(સ્કૂલ)ના નિયામકશ્રીઓ તથા એકેડેમિક ડિરેક્ટરશ્રી પણ આ કાર્યક્રમમાં જોડાયા.

એકંદરે, આ સ્વચ્છોત્સવ માત્ર સફાઈ અભિયાન પૂરતો સીમિત ન રહેતા, શ્રમજીવીઓના સન્માન અને સ્વચ્છતા પ્રત્યેની સામાજિક જાગૃતિનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ બની રહ્યો.

BAOU Education for All | Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat)








# Strengthening Global Academic Partnerships: BAOU Hosts Delegate from Durban University of Technology

**02 October, 2026**

**Ahmedabad: Dr. Babasaheb Ambedkar Open University (BAOU), Ahmedabad, hosted Prof. Nirmala Dorasamy from the Department of Public Management and Economics at the Durban University of Technology (DUT), South Africa, marking a significant stride towards strengthening international academic ties.**

**An insightful discussion took place under the mentorship of Hon'ble Vice Chancellor Prof. Ami Upadhyay, alongside Prof. Nilesh K. Modi, Director of the Centre for International Studies. The strategic dialogue primarily focused on exploring multifaceted collaboration opportunities with DUT. Furthermore, the dignitaries deliberated on establishing a BAOU Information and Facilitation Centre (IFC) in South Africa to expand the university's global footprint. The conversation also emphasized advancing the broader mission of the Internationalization of Higher Education through joint academic and research initiatives.**

**Ultimately, this high-level interaction signifies a pivotal step in BAOU's ongoing journey to build robust cross-border knowledge networks and create inclusive global education pathways.**





# 10-दिवसीयस्य संस्कृतसम्भाषणशिबिरस्य शुभारम्भः

**02 October, 2025**

अहमदाबाद्ः डॉ. बाबासाहेब-आम्बेडकर-मुक्त-विश्वविद्यालयस्य एवञ्च संस्कृतभारत्याः संयुक्ततत्त्वावधाने, विश्वविद्यालयस्य माननीयानां कुलपतिमहोदयानां प्रो.(डॉ.) अमी-उपाध्यायवर्याणां प्रेरणया ज्योतिर्मय-परिसरे 10-दिवसीयस्य संस्कृतसम्भाषणशिबिरस्य आयोजनं कृतम्। एतत् ज्ञानवर्धकं शिबिरं 04-10-2025 तः 14-10-2025 पर्यन्तं प्रचलिष्यति।

अद्य आयोजिते उद्घाटनसत्रे विश्वविद्यालयस्य 'स्कूल ओफ ह्यूमैनिटीज एण्ड सोश्यल सायंसेज' इत्यस्य नियामकः प्रो. योगेन्द्र-पारेख-महोदयः प्रासङ्गिकम् उद्बोधनं प्रदाय शिबिरस्य विधिवत् शुभारम्भं कारितवान्। अस्मिन् गरिमामये सत्रे संस्कृतभारत्याः कर्णावतीनगरस्य सङ्घटनमन्त्री श्री नवीन-अत्रि-महोदयः तथा संस्कृतभारती-साबरमतीजनपदस्य सम्पर्कप्रमुखः श्री धनजीभाई-गढवी-महोदयः विशेषरूपेण उपस्थिताः।

अस्मिन् शिबिरे सामाजिकजनाः, विश्वविद्यालयस्य कर्मचारिणः, छात्राश्च सोत्साहं भागं गृहीतवन्तः। अद्य आरभ्य 10 दिवसान् यावत् सर्वे प्रशिक्षार्थिनः संस्कृतसम्भाषणस्य कौशलं प्राप्स्यन्ति।

संस्कृतविभागस्य प्राध्यापिकाः डॉ. पायल चावडा, डॉ. राखी जैन एवञ्च डॉ. रोशनी प्रजापति इत्येताः अस्मिन् शिबिरे प्रशिक्षणं यच्छन्ति। संस्कृतभाषायाः प्रचार-प्रसारार्थम् एतत् शिबिरं प्रतिदिनं प्रातः 09 वादनतः 11





## BAOU Conferred with the 'Excellence in Institutional Social Responsibility' Award at FICCI Summit 2025

06 October, 2025

Ahmedabad: Dr. Babasaheb Ambedkar Open University (BAOU), Ahmedabad, secured a major national accolade by winning the prestigious 'Excellence in Institutional Social Responsibility' Award. The university received this honor at the 11th FICCI Higher Education Excellence Awards, organized during the 20th FICCI Higher Education Summit 2025 at Bharat Mandapam, New Delhi.

This significant recognition highlights BAOU's unwavering commitment to fostering inclusive education, active community engagement, and profound social transformation through the medium of open and distance learning. The award serves as a testament to the institution's continuous efforts to reach the unreached and create a meaningful societal impact across the state.

The university and the wider academic community extend heartfelt congratulations to the Hon'ble Vice Chancellor, Prof. Ami Upadhyay. Her visionary leadership, persistent dedication, and strategic initiatives consistently guide the university toward new heights of educational excellence and institutional responsibility.





# 'વિકાસ સપ્તાહ' અંતર્ગત  કાવ્યપઠન સ્પર્ધા યોજાઈ

11 ઑક્ટોબર, 2025

અમદાવાદ: રાજ્યભરમાં 7થી 15 ઑક્ટોબર દરમિયાન ઉજવાઈ રહેલા 'વિકાસ સપ્તાહ' અન્વયે, આદરણીય કુલગુરુ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં 09 ઑક્ટોબર, 2025ના રોજ વિદ્યાર્થીઓ માટે એક વિશેષ 'કાવ્યપઠન સ્પર્ધા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

આ પ્રેરણાદાયક સ્પર્ધામાં યુનિવર્સિટીના સમગ્ર ગુજરાતમાં આવેલાં વિવિધ પ્રાદેશિક કેન્દ્રો તેમજ લર્નર સપોર્ટ સેન્ટર પરથી ઉત્સાહી વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો. આ કાવ્યપઠન સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર પ્રથમ 3 વિજેતાઓને પ્રમાણપત્ર એનાયત કરીને વિશેષ રૂપે પ્રોત્સાહિત કરવામાં આવશે.

યુનિવર્સિટીના એક્સટેન્શન ઍક્ટિવિટી સેલ દ્વારા આ સમગ્ર સ્પર્ધાનું આયોજન ડૉ. કૃતિ છાયા તથા સંચાલન ડૉ. નીતુ કનારા દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમની સફળતા પાછળ યુનિવર્સિટીના અધ્યાપકો તથા પ્રાદેશિક કેન્દ્રોના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓનો બહુમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયો.



# BAOU Vice Chancellor Prof. Ami Upadhyay Delivers Convocation Address as Chief Guest at Tamil Nadu State Open University

**14 October, 2025**

**Ahmedabad:** In a proud and historic moment for Dr. Babasaheb Ambedkar Open University (BAOU), Ahmedabad, the Honourable Vice Chancellor, Prof. Ami Upadhyay, graced the convocation ceremony of the Tamil Nadu State Open University as the Chief Guest. During this grand academic event, she delivered a profound and inspiring convocation address to the graduating students and the broader academic fraternity.

The prestigious ceremony was held in the august and inspiring presence of the Honourable Governor of Tamil Nadu, Shri Thiru. R. N. Ravi ji, adding immense dignity and grace to the occasion.

In her insightful address, Prof. Ami Upadhyay emphasized the transformative power of open and distance learning in shaping the future of the youth and building a knowledge-driven, self-reliant society. Her words highly motivated the degree recipients to utilize their education for national development and social welfare.

This momentous event not only highlighted Prof. Upadhyay's visionary leadership but also marked a significant milestone in fostering strong academic collaborations and a shared vision of excellence among higher education






# 10-दिवसीयस्य संस्कृतसम्भाषणशिबिरस्य साफल्येन समापनम्

**15 October, 2025**

**अहमदाबाद्: डॉ. बाबासाहेबआम्बेडकरमुक्तविश्वविद्यालयस्य एवं संस्कृतभारत्याः संयुक्तउपक्रमे आयोजितः दशदिवसीयसंस्कृतसम्भाषणशिबिरस्य १४/१०/२०२५ दिनाङ्के समापनसत्रस्य समारोहः अभवत् ।**

**सत्रेऽस्मिन् अतिथिविशेषरूपेण श्री परेशः जोशी (प्रशिक्षणप्रमुखः, सेवाभारती गुर्जरप्रान्तः), डॉ. वसन्तः जोषी (सहमन्त्री, संस्कृतभारतीगुर्जरप्रान्तः), श्री नवीनः अत्रिः (संघटनमन्त्री, संस्कृतभारती-कर्णावतीमहानगरम्), प्रो. (डॉ.) अमी उपाध्यायः (कुलपतिमहोदया, डॉ. बाबासाहेबआम्बेडकरमुक्तविश्वविद्यालयः), प्रो. योगेन्द्रः पारेखः (निर्देशकः, SHSS, डॉ. बाबासाहेबआम्बेडकरमुक्तविश्वविद्यालयः), शिबिरछात्राः, अध्यापकगणाः च उपस्थिताः आसन्**

**विश्वविद्यालयस्य कुलपतिमहोदया अध्यक्षपदे अलंकृता आसीत् ।**

**विश्वविद्यालयस्य संस्कृतविभागस्य प्राध्यापकेन डॉ. विनोदः माजिराणा महोदयेन अतिथीनां शाब्दिकस्वागतमकरोत् । प्रो. योगेन्द्रपारेखमहोदयेन प्रासङ्गिकोद्बोधनं कृतम् । मुख्यातिथिरूपेण समागताः श्री परेशः जोशी महोदयेन संभाषणशिबिरस्य लाभानि बोधितवान् । डॉ. वसन्तः जोषी महाभागेन संस्कृतभारत्याः विभिन्नाः कार्याणि एवञ्च प्रवृत्तयः विषये ज्ञापितवान् । श्री नवीनः अत्रिः महोदयेन आधुनिकसंदर्भे संस्कृतभाषायाः प्रासंगिकता प्रदर्शितवान् ।**

**शिबिरछात्रैः संस्कृतभाषायां समूहगीतं, नाविक-पण्डितसंवादः, वैद्य-रोगीसंवादः, अभिनयगीतं, 'मनसा परमा शक्तिः'इति संस्कृतनाटकं च प्रस्तुतवन्तः ।**

**अस्य समापनसत्रस्य संचालनं विश्वविद्यालयस्य संस्कृतविभागस्य प्राध्यापिका डॉ. राखी जैनः एवं डॉ. पायल चावडा अकरोत् । तथा च आभारविधिः डॉ. रोशनी प्रजापति कृतवती ।**










# ધનત્રયોદશી નિમિત્તે લક્ષ્મીપૂજન

18 ઑક્ટોબર, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 18 ઑક્ટોબર, 2025ના રોજ ધનત્રયોદશી (ધનતેરસ)ના પવિત્ર અને મંગલમય અવસરે એક વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું. દીપોત્સવી પર્વની શૃંખલા અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં યુનિવર્સિટી પરિવારે ઉત્સાહભેર ભાગ લીધો.

આ પાવન પ્રસંગે સમગ્ર યુનિવર્સિટી પરિવાર દ્વારા વિઘ્નહર્તા શ્રી ગણેશ, ધન અને ઐશ્વર્યનાં પ્રતીક સમાન માતા લક્ષ્મી તેમજ ઔષધિ અને આરોગ્યના દેવ ભગવાન ધન્વંતરિનું શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અનુસાર ષોડશોપચાર પૂજન અત્યંત ભક્તિભાવપૂર્વક સંપન્ન થયું. વિશેષરૂપે, આ સંપૂર્ણ પૂજનવિધિ ભારતીય જ્ઞાન-પરંપરાના પ્રાધ્યાપક શ્રી જૈમિન દવે અને શ્રી વિવેક સાખી દ્વારા શાસ્ત્રીય અને વૈદિક મંત્રોચ્ચાર સાથે સુચારુ રૂપે કરાવવામાં આવી.

પૂજનવિધિની મંગલ પૂર્ણાહુતિ બાદ, ઉપસ્થિત તમામ યુનિવર્સિટી પરિવારજનોએ પરસ્પર આત્મીયતાથી મુલાકાત કરી અને પ્રકાશના મહાપર્વ દિવાળી નિમિત્તે એકબીજાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. આ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક આયોજનથી યુનિવર્સિટી પરિસરમાં એક દિવ્ય અને સકારાત્મક ઊર્જાનો સંચાર પ્રવર્તી રહ્યો.







# મહિલા સ્વાસ્થ્ય જાગૃતિ અર્થે 'બ્રેસ્ટ અને સર્વાઇકલ કેન્સર ચેકઅપ' શિબિર યોજાઈ

14 ઑક્ટોબર, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના 'ગાર્ગી' મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર અને રોટરી ક્લબ ઑફ કૉસ્મોપૉલિટન, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે એક પ્રશંસનીય અને અત્યંત મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી. મહિલાઓના સર્વાંગી વિકાસ અને તેમના સ્વાસ્થ્ય પ્રત્યે સતત સંવેદનશીલ એવા યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયજીની પ્રેરણા અને સચોટ માર્ગદર્શન હેઠળ 14 ઑક્ટોબર, 2025ના રોજ મહિલાઓના સ્વાસ્થ્ય-સંવર્ધન હેતુ 'બ્રેસ્ટ અને સર્વાઇકલ કેન્સર ચેકઅપ' કાર્યક્રમનું સફળ આયોજન સંપન્ન થયું.

આ સ્વાસ્થ્યલક્ષી શિબિરના ઉદ્ઘાટન સમારોહમાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયજી વિશેષ ઉપસ્થિત રહ્યા. તેમની સાથે 'ગાર્ગી' મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્રના સંયોજક પ્રો. પ્રિયાંકી વ્યાસ, રોટરી ક્લબ ઑફ કૉસ્મોપૉલિટન-અમદાવાદના પ્રેસિડેન્ટ શ્રી મધુકરભાઈ પરીખ, વાઈસ પ્રેસિડેન્ટ તથા પ્રોજેક્ટ કો-ઑર્ડિનેટર શ્રી અનિલભાઈ પારેખ અને સૃષ્ટિ સંસ્થા-અમદાવાદના સેક્રેટરી શ્રી ચેતનભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહી.

આ પ્રસંગે રોટરી ક્લબ ઑફ કૉસ્મોપૉલિટન, અમદાવાદના પ્રેસિડેન્ટ શ્રી મધુકરભાઈ પરીખે પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું કે વહેલી તકે સચોટ તપાસ, યોગ્ય સારવાર અને જીવનશૈલીમાં હકારાત્મક સુધારા લાવવાથી અનેક મહિલાઓ બ્રેસ્ટ અને સર્વાઇકલ કેન્સર જેવા ગંભીર રોગોથી બચી શકે છે.

માનનીય કુલગુરુશ્રીએ ઉપસ્થિત મહિલાઓને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહીને નિયમિતપણે સંપૂર્ણ હેલ્થ ચેકઅપ કરાવવા અને સ્વાસ્થ્યને સર્વોચ્ચ પ્રાધાન્ય આપવા પર વિશેષ ભાર મૂક્યો. તેમણે અત્યંત માર્મિક શબ્દોમાં કહ્યું કે સ્ત્રી-સ્વાસ્થ્ય જ આપણા સમાજની સાચી શક્તિ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે વર્તમાન સમયમાં બ્રેસ્ટ અને સર્વાઇકલ કેન્સર વિશે વ્યાપક જાગૃતિ લાવવી એ સમયની તાતી જરૂરિયાત બની ગઈ છે.

આ હેલ્થ ચેકઅપ કાર્યક્રમમાં યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક વિભાગના બહોળી સંખ્યામાં મહિલા કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈને બ્રેસ્ટ કેન્સર તથા સર્વાઇકલ કેન્સરનું ચેકઅપ કરાવ્યું. શિબિરમાં સહભાગી થનાર બહેનો માટે રજિસ્ટ્રેશનની સુચારુ કામગીરી ડૉ. નીતુ કનારા અને શ્રીમતી સાહિસ્તાબેન મલેક દ્વારા પૂર્ણ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સફળ અને ગરિમાપૂર્ણ સંચાલન 'ગાર્ગી' મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્રના સભ્ય-સચિવ શ્રીમતી દિવ્યા દરજી, સહ-સંયોજક ડૉ. હિના રાવલ અને ડૉ. ભાગ્યશ્રી રાજપૂત દ્વારા કરવામાં આવ્યું. એકંદરે મહિલા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવતો આ કાર્યક્રમ ફળદાયી નીવડ્યો.





# SSIP 2.0 અંતર્ગત ગ્રાન્ટ ફાળવણી હેતુ સ્ક્રૂટિની સમિતિની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ

16 ઑક્ટોબર, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના 'સ્કૂલ ઑફ કૉમર્સ એન્ડ મૅનેજમેન્ટ' ખાતે 16 ઑક્ટોબર, 2025ના રોજ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP 2.0) અંતર્ગત એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું. યુવા વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા અને નવતર વિચારોને યોગ્ય મંચ પૂરું પાડી તેમને પ્રોત્સાહિત કરવાના ઉમદા આશયથી આ મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ.

આ બેઠકનો મુખ્ય હેતુ SSIP 2.0 હેઠળ ફાળવવામાં આવતી ગ્રાન્ટ માટે વિદ્યાર્થીઓ તરફથી આવેલી વિવિધ અરજીઓની ઝીણવટભરી ચકાસણી (સ્ક્રૂટિની) કરવાનો રહ્યો. આ પ્રક્રિયા અંતર્ગત, તજજ્ઞોની બનેલી સ્ક્રૂટિની સમિતિના સભ્યશ્રીઓ સમક્ષ કુલ 10 જેટલા ઉત્સાહી અરજદારોએ પોતાના વિશિષ્ટ પ્રોજેક્ટ આઇડિયા અને સ્ટાર્ટઅપ વિષયક વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કર્યા.

સમિતિના સભ્યો દ્વારા આ તમામ ઇનોવેટિવ આઇડિયાઝનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કરીને યોગ્ય પ્રોજેક્ટ્સને ગ્રાન્ટ ફાળવણી માટે વિચારણા હેઠળ લેવામાં આવ્યા. યુનિવર્સિટીની આ સક્રિય પહેલ વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનવા અને તેમના સ્ટાર્ટઅપ સપનાઓને વાસ્તવિક સ્વરૂપ આપવામાં અત્યંત મદદરૂપ નીવડશે.





# મહિલા કર્મચારીઓ માટે 'ફુલ હેલ્થ ચેકઅપ' શિબિરનું સફળ આયોજન

**16 ઑક્ટોબર, 2025**

**અમદાવાદ:** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના 'ગાર્ગી' મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર અંતર્ગત 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન' અન્વયે એક પ્રશંસનીય સ્વાસ્થ્યલક્ષી પહેલ કરવામાં આવી. યુનિવર્સિટીમાં કાર્યરત તમામ મહિલા કર્મચારીઓનું સ્વાસ્થ્ય અને તંદુરસ્તી જળવાઈ રહે તેવા ઉમદા હેતુસર કમ્યુનિટી ઑન્કોલૉજી સેન્ટર, વાસણા (અમદાવાદ) ખાતે 15 અને 16 ઑક્ટોબર, 2025ના રોજ વિશેષ 'ફુલ હેલ્થ ચેકઅપ' શિબિરનું આયોજન કરવામાં આવ્યું.

આ શિબિરમાં યુનિવર્સિટીના બહોળી સંખ્યામાં મહિલા કર્મચારીઓએ ઉત્સાહભેર જોડાઈને પોતાનું સંપૂર્ણ સ્વાસ્થ્ય પરીક્ષણ કરાવ્યું. મહિલાઓના સ્વાસ્થ્ય પ્રત્યે હરહંમેશ સંવેદનશીલ રહેતા માનનીય કુલગુરુ પ્રો. અમીબેન ઉપાધ્યાયની વિશેષ પ્રેરણાથી આ સમગ્ર કાર્યક્રમ આકાર પામ્યો. સાથોસાથ, ગાર્ગી મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્રના સંયોજક પ્રો. પ્રિયાંકી વ્યાસના માર્ગદર્શનથી આ સ્વાસ્થ્ય શિબિર સફળતાપૂર્વક પાર પડી. મહિલા સશક્તિકરણની દિશામાં શારીરિક સ્વાસ્થ્યને પૂરતું મહત્ત્વ આપતો આ કાર્યક્રમ સૌ માટે લાભદાયી નીવડ્યો.






# ‘વિજિલન્સ અવેરનેસ વીક’ની પ્રેરણાદાયક ઉજવણી

**30 ઑક્ટોબર, 2025**

**અમદાવાદ: સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC) દ્વારા દર વર્ષે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીના સપ્તાહને ‘વિજિલન્સ અવેરનેસ વીક’ (Vigilance Awareness Week) તરીકે મનાવવાની પ્રશંસનીય પરંપરા છે. આ જ શૃંખલામાં ચાલુ વર્ષે 27 ઑક્ટોબર, 2025થી 02 નવેમ્બર, 2025 સુધીના સપ્તાહને જાગરૂકતા સપ્તાહ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે માનનીય કુલપતિ પ્રો. અમીબેન ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ આ ‘વિજિલન્સ અવેરનેસ વીક’ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.**

**આ વર્ષના કાર્યક્રમની મુખ્ય થીમ ‘Vigilance Our Shared Responsibility’ રાખવામાં આવી છે. આ વિષયવસ્તુને સાર્થક કરતાં યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ એકસાથે મળીને ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે નિષ્ઠાપૂર્વક પ્રતિજ્ઞા (Pledge) ગ્રહણ કરી.**

**જાગરૂકતાના આ કાર્યક્રમ અંતર્ગત પરિસરમાં એક આકર્ષક રંગોળીનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું. આ સુંદર રંગોળીનું નિર્માણ ગાયત્રી ગોહિલ, મૈત્રી ત્રિવેદી, ડૉ. નીતુ કનારા અને માલતી વ્યાસ દ્વારા કરવામાં આવ્યું. તદુપરાંત, ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરીને એક વિશેષ ‘એકતા રેલી’નું ભવ્ય આયોજન કરાયું. આ રેલીમાં ઉપસ્થિત સૌએ ‘ભ્રષ્ટાચાર મુક્ત ભારત’ અને ‘સરદારભાઈ પટેલ અમર રહો’ના ગગનભેદી નારા લગાવીને રાષ્ટ્રીય એકતાનો સંદેશો પ્રસારિત કર્યો.**

**આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ‘વિજિલન્સ અવેરનેસ વીક’ના નોડલ ઑફિસર મૈત્રી ત્રિવેદી તેમજ એક્સટેન્શન ઍક્ટિવિટી સેલના આસિસ્ટન્ટ કો-ઑર્ડિનેટર ડૉ. નીતુ કનારા દ્વારા કરવામાં આવ્યું.**










અમદાવાદ: સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC) દ્વારા દર વર્ષે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીના સપ્તાહને 'વિજિલન્સ અવેરનેસ વીક' (Vigilance Awareness Week) તરીકે મનાવવાની એક પ્રશંસનીય પરંપરા છે. આ જ શૃંખલામાં ચાલુ વર્ષે 27 ઑક્ટોબર, 2025થી 02 નવેમ્બર, 2025 સુધીના સપ્તાહની જાગરૂકતા સપ્તાહ તરીકે વિશેષ ઉજવણી થઈ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે પણ માનનીય કુલપતિ પ્રો. અમીબેન ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ 27 ઑક્ટોબર, 2025થી 02 નવેમ્બર, 2025 દરમિયાન આ 'વિજિલન્સ અવેરનેસ વીક'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

આ જાગરૂકતા કાર્યક્રમ અન્વયે યુનિવર્સિટી પરિવાર દ્વારા 'ભ્રષ્ટાચાર મુક્ત ભારત'ના નિર્માણ માટે વિશેષ પ્રતિજ્ઞા (Pledge) લેવામાં આવી. તદુપરાંત, 'વિજિલન્સ અવેરનેસ વીક'ના નોડલ ઑફિસર શ્રીમતી મૈત્રી ત્રિવેદી દ્વારા ઉપસ્થિત સૌ કર્મચારીઓ અને અધિકારીઓને સામૂહિક પ્રતિજ્ઞા લેવડાવીને રાષ્ટ્ર પ્રત્યેની પ્રામાણિકતા અને નિષ્ઠાના શપથ ગ્રહણ કરાવ્યા.

આ જાગરૂકતાલક્ષી કાર્યક્રમનું આયોજન નોડલ ઑફિસર મૈત્રી ત્રિવેદી તેમજ એક્સટેન્શન ઍક્ટિવિટી સેલના આસિસ્ટન્ટ કો-ઑર્ડિનેટર ડૉ. નીતુ કનારા દ્વારા કરવામાં આવ્યું હતું.





# સરદાર પટેલ જન્મજયંતી નિમિત્તે વિશેષ પુસ્તક પ્રદર્શન યોજાયું

30 ઑક્ટોબર, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયના સતત માર્ગદર્શન અને પ્રેરણાથી યુનિવર્સિટીની વિવેકાનંદ લાઈબ્રેરી ખાતે જ્ઞાનવર્ધક પ્રદર્શન યોજાયું.

આ પ્રદર્શનમાં સરદાર પટેલના પ્રેરણાદાયી જીવન, તેમના ઉચ્ચ વિચારો, કુશળ નેતૃત્વ અને રાષ્ટ્રનિર્માણમાં તેમના અવિસ્મરણીય યોગદાનને ઉજાગર કરતાં વિવિધ પુસ્તકોને આકર્ષક રીતે પ્રદર્શિત કરવામાં આવ્યાં. આ કાર્યક્રમને સફળ બનાવવામાં યુનિવર્સિટીના બોર્ડ ઑફ મૅનેજમેન્ટના સભ્યશ્રી યતિનભાઈ પટેલ તેમજ નૉલેજ રિસોર્સ સેન્ટર (KRC)ના નિયામકશ્રી ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદીનો બહુમૂલ્ય સહકાર પ્રાપ્ત થયો.

સરદાર સાહેબને ભાવાંજલિ અર્પતા આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, અધિકારીશ્રીઓ અને તમામ કર્મચારીઓએ અત્યંત ઉત્સાહભેર ભાગ લીધો. સમગ્ર પ્રદર્શન અને કાર્યક્રમનું આયોજન ગ્રંથાલયનાં ઈન્ચાર્જ ગ્રંથપાલ ડૉ. નિશા જોષીના માર્ગદર્શન હેઠળ પાર પડ્યું. આ પુસ્તક પ્રદર્શનને સફળ બનાવવા માટે ગ્રંથાલયના તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ કામગીરી બજાવી.





# Ministry of Education Sanctions Grant to BAOU to Establish 'Centre for Indian Culinary and Performing Arts'

**30 October, 2025**

**Ahmedabad:** Dr. Babasaheb Ambedkar Open University (BAOU) achieves yet another remarkable milestone in the realm of higher education. The Indian Knowledge System (IKS) Division, operating under the Ministry of Education, Government of India, officially approved a prestigious grant to the university's Hon'ble Vice Chancellor, Prof. Ami Upadhyay. The institution will utilize this vital support to establish the pioneering 'Centre for Indian Culinary and Performing Arts'.

This visionary initiative marks a significant step forward in promoting, documenting, and preserving the immense richness of traditional Indian knowledge, ancient practices, and vibrant cultural heritage. By integrating these classical domains into the academic framework, the university aims to foster a deeper understanding of India's indigenous roots among the youth.

The upcoming Centre for Indian Culinary and Performing Arts promises to open new avenues for learners, scholars, and artists alike. It beautifully reflects the dedicated leadership and relentless efforts of Prof. Ami Upadhyay to embed the ethos of the Indian Knowledge System within the modern educational landscape, thereby ensuring that the nation's profound legacy continues to thrive in the generations to come.



# રાષ્ટ્રગીત 'વંદે માતરમ'ની 150મી વર્ષગાંઠની ભવ્ય ઉજવણી: સ્વદેશી અપનાવવાના શપથ લેવાયા

**07 નવેમ્બર, 2025**

**અમદાવાદ: રાષ્ટ્રપ્રેમ અને ભારતીય અસ્મિતાના પ્રતીક સમાન રાષ્ટ્રગીત 'વંદે માતરમ'ને 07 નવેમ્બર, 2025ના રોજ 150 વર્ષ પૂર્ણ થયા. આ ઐતિહાસિક અને ગૌરવવંતા અવસરના ઉપલક્ષમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) ખાતે રાષ્ટ્રલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહમાં તમામ શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓએ એકસાથે મળીને 'વંદે માતરમ'નું ભાવપૂર્ણ સમૂહગાન કરી રાષ્ટ્રમાતાને ભાવાંજલિ અર્પણ કરી.**

**રાષ્ટ્રગીતના ઐતિહાસિક સમૂહગાન ઉપરાંત, આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપવાના હેતુથી રોજિંદા જીવનમાં માત્ર 'સ્વદેશી' વસ્તુઓનો જ મહત્તમ ઉપયોગ કરવા માટેના સામૂહિક શપથ ગ્રહણ કર્યા.**

**આ પ્રસંગે યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે ઉપસ્થિત સૌને અત્યંત પ્રેરણાદાયી ઉદ્બોધન આપ્યું. તેમણે પોતાના વક્તવ્યમાં દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના લોકપ્રિય કાર્યક્રમ 'મન કી બાત'નો સવિશેષ ઉલ્લેખ કર્યો. કુલગુરુશ્રીએ વર્તમાન સમયમાં 'સ્વદેશી' અપનાવવાનું વિશેષ મહત્ત્વ અને તેની આર્થિક તથા સામાજિક પ્રસ્તુતતા અંગે સૌને ઊંડાણપૂર્વક સમજણ પૂરી પાડી, આત્મનિર્ભર ભારતની દિશામાં સહિયારા પ્રયાસો કરવા અનુરોધ કર્યો. એકંદરે, આ કાર્યક્રમ યુનિવર્સિટી પરિવારમાં રાષ્ટ્રભાવના અને સ્વદેશી પ્રત્યેના ગૌરવનો સંચાર કરનારો બની રહ્યો.**






# ‘જન-જાતીય ગૌરવ વર્ષ’ મહોત્સવ અંતર્ગત ભગવાન બિરસા મુંડાજીના જીવન અને આદિવાસી સંસ્કૃતિ આધારિત વિશેષ પુસ્તક પ્રદર્શન યોજાયું

12 નવેમ્બર, 2025

અમદાવાદ: ભારત સરકાર દ્વારા દર વર્ષે 15 નવેમ્બરના પવિત્ર દિવસને જન-નાયક ભગવાન બિરસા મુંડાની જન્મજયંતીના ઉપલક્ષ્યમાં ‘જન-જાતીય ગૌરવ દિવસ’ તરીકે અત્યંત ગૌરવભેર ઉજવવાની પ્રેરણાદાયક પરંપરા છે. આ વર્ષે ભગવાન બિરસા મુંડાજીની 150મી જન્મજયંતી હોવાથી, ભારતીય આદિવાસી સમુદાયના અનન્ય યોગદાન, તેમની વિશિષ્ટ સંસ્કૃતિ અને સમૃદ્ધ વારસાને ઉજાગર કરવાના ઉમદા આશયથી 01 નવેમ્બર, 2025થી 15 નવેમ્બર, 2025 દરમિયાન ‘જન-જાતીય ગૌરવ વર્ષ’ મહોત્સવની ભવ્ય ઉજવણી દેશભરમાં થઈ રહી છે.

આ રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે પણ 12 નવેમ્બર, 2025ના રોજ એક અર્થસભર કાર્યક્રમ આકાર પામ્યો. યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયના સતત માર્ગદર્શન અને વિશેષ પ્રેરણાથી યુનિવર્સિટીની વિવેકાનંદ લાઈબ્રેરી ખાતે આદિવાસી મહાનાયકો, તેમની સંસ્કૃતિ, લોકજીવન અને ભવ્ય ઈતિહાસને પ્રતિબિંબિત કરતા પુસ્તકોનું એક વિશેષ પ્રદર્શન યોજવામાં આવ્યું. આ જ્ઞાનવર્ધક પુસ્તક પ્રદર્શન આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસની ઝાંખી કરાવવામાં અત્યંત પ્રભાવશાળી નીવડ્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં યુનિવર્સિટીના નૉલેજ રિસોર્સ સેન્ટર (KRC)ના નિયામકશ્રી ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદીનો સહકાર પ્રાપ્ત થયો. રાષ્ટ્રીય ગૌરવને સમર્પિત આ પ્રદર્શનમાં યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, અધિકારીશ્રીઓ, તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહભેર ભાગ લીધો.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ગ્રંથાલયના ઈન્ચાર્જ ગ્રંથપાલ ડૉ. નિશા જોષીના માર્ગદર્શન હેઠળ પાર પડ્યું. આ વિશેષ પુસ્તક પ્રદર્શનને સર્વાંગી રીતે સફળ બનાવવા માટે ગ્રંથાલયના તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ પ્રશંસનીય કામગીરી બજાવી.





# Advancing Global Collaboration for Open and Inclusive Learning: COL President Prof. Peter Scott Holds Strategic 'Meet and Greet' in New Delhi

**13 November, 2025**

New Delhi: Marking a significant step towards fostering robust global educational partnerships, Professor Peter Scott, the esteemed President and CEO of the Commonwealth of Learning (COL), hosted a high-profile 'Meet and Greet' event during his recent official visit to India. This prestigious intellectual gathering took place at the India Habitat Centre in New Delhi, bringing together a distinguished assembly of eminent education leaders, senior government officials, and international ambassadors.

The strategic dialogues during this vital conclave primarily focused on reinforcing the foundational pillars of the education sector to meet contemporary challenges. Key areas of discussion included strengthening open schooling frameworks, advancing comprehensive teacher education, and promoting both vocational and higher education. Furthermore, the dignitaries emphasized the critical need for technology-enhanced learning. These represent the core domains where the Commonwealth of Learning and India continuously collaborate to generate a large-scale, transformative impact on the nation's educational landscape.

Addressing the visionary gathering, Professor Scott eloquently shared COL's groundbreaking innovations in the dynamic realms of Artificial Intelligence (AI) and the broader digitalisation of education. He also shed light on exploring new, sustainable business models specifically designed to boost foundational skills and enhance youth employability in a rapidly changing global market. Complementing these vital points, Dr. B. Shadrach, the respected Director of the Commonwealth Educational Media Centre for Asia (CEMCA), provided profound insights into the effective regional implementation of these progressive strategies.

Concluding the highly productive session, all participating educational leaders and policymakers collectively reaffirmed their unwavering commitment to building inclusive, resilient, and future-ready education systems. They unanimously agreed that continuous knowledge exchange and sustained, cross-border collaboration remain absolutely essential to achieving equitable educational excellence across the entire Commonwealth network.

# BAOU Hosts Prestigious Vice-Chancellors' Round Table Meet 2025: Strategic Initiatives in AI and Digital Learning Launched



13 November, 2025

Ahmedabad: Dr. Babasaheb Ambedkar Open University (BAOU), Ahmedabad, successfully organized a landmark 'Meet & Greet and Networking Dinner' on 12 November 2025, at 07:30 pm at Taj Skyline. This high-profile evening served as a focal point of the Indian Open University Vice-Chancellors' Round Table Meet 2025, organized under the visionary leadership and guidance of Prof. (Dr.) Ami Upadhyay, Hon'ble Vice Chancellor, BAOU.

The event revolved around the theme: 'Exploring the Impact of Technology and Micro-Credentials on Innovation and Equity in Open and Distance Learning,' fostering a profound dialogue among national and international academic stalwarts.

The University was graced by the presence of esteemed dignitaries, including:

- Chief Guest: Dr. Pradyuman Vaja, Hon'ble Minister for Social Justice & Empowerment, Primary, Secondary, Adult, Higher & Technical Education, Govt. of Gujarat.
- Guest of Honour: Shri Trikambhai Chhanga, Hon'ble Minister of State for Higher & Technical Education, Govt. of Gujarat.
- Special International Guest: Professor Peter Scott, President & CEO, Commonwealth of Learning (COL), Canada.

Other distinguished attendees included Smt. Sunaina Tomar (IAS), Padma Shri Prof. J. M. Vyas (VC, NFSU), Prof. Bharat Bhaskar (Director, IIMA), Prof. Ashok Mondal (Director, NID Gandhinagar), Dr. B. Shadrach (Director, CEMCA), and Dr. Nagesh Bhandari (President, Indus University).

The gathering saw a rare assembly of Vice Chancellors from the Indian Open Universities fraternity, representing institutions from Hyderabad, Punjab, Mysore, Kerala, Chennai, Haldwani, and Kota. Members of the Board of Management, Directors, and the Registrar of BAOU also actively participated in the deliberations.

In a significant stride toward educational modernization, three major BAOU initiatives were officially launched during the event:

1. Policy on Artificial Intelligence in Higher Education: A roadmap for ethical and effective AI integration.
2. Graduate Employability Framework: A strategic approach to bridge the skill gap for students.
3. 'Gyanark' – A Digital Treasury of Learning: An expansive digital repository designed to democratize access to knowledge.

Through these launches, BAOU reaffirms its position as a pioneer in leading India's efforts in digital learning, micro-credentials, and inclusive higher education. Prof. (Dr.) Nilesh K. Modi, Director of CIQA, received special appreciation for his meticulous coordination and anchoring of this inspiring event. This Round Table Meet signifies a collective commitment to reimagining and reshaping the future of open and distance learning on a global scale.












ज्ञानार्क
A Digital Treasure of Learning

# આંતરરાષ્ટ્રીય રિસર્ચ જર્નલ ‘IJWATCH’નું ગરિમાપૂર્ણ વિમોચન

15 નવેમ્બર, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં 15 નવેમ્બર, 2025ના રોજ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ઇન્ટરનેશનલ સેન્ટર ફોર કલ્ચરલ સ્ટડીઝ (ICCS-ભારત)ના કર્ણાવતી ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે આ વિશેષ કાર્યક્રમ આકાર પામ્યો.

આ પ્રસંગે યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત આંતરરાષ્ટ્રીય જર્નલ ‘International Journal of Worlds Ancient Traditions and Cultural Heritage’ (IJWATCH) (Volume 2, Issue 1, January 2026, ISSN: 2998-7199)નું વિધિવત્ અનાવરણ અને વિમોચન કરવામાં આવ્યું. આ જર્નલ વિશ્વની પ્રાચીન પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાના સંવર્ધન માટે એક સબળ માધ્યમ બની રહેશે.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ICCS-ભારતના અનુસંધાન અધિકારી શ્રી રવીશંકરજીએ ‘Indigenous Research Method’ એટલે કે સ્વદેશી સંશોધન પ્રણાલીઓની વર્તમાન સમયમાં આવશ્યકતા વિશે ઊંડાણપૂર્વક પ્રકાશ પાડ્યો. તેમણે ‘Decolonizing Mind & Body’ના વિચારને કેન્દ્રમાં રાખીને પશ્ચિમી માનસિકતામાંથી મુક્ત થઈ ભારતીય દૃષ્ટિકોણથી સંશોધન કરવા પર ભાર મૂક્યો. વધુમાં, તેમણે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની ભારતીય અને સ્વદેશી સંશોધન પદ્ધતિઓ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા અને સમર્પણ ભાવની મુક્તકંઠે પ્રશંસા કરી.

આ સમગ્ર આયોજન શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે અત્યંત સાર્થક અને સફળ રહ્યું, જે આગામી સમયમાં ભારતીય જ્ઞાન-પરંપરાના સંશોધકો માટે નવી દિશા ખોલશે.



# BAOU Empowers Inclusive Society: Prisoner Welfare Initiative Showcased at Ahmedabad International Book Festival 2025

17 November, 2025

Ahmedabad: Dr. Babasaheb Ambedkar Open University (BAOU) continues to reinforce its commitment to building an inclusive society through its proactive involvement in meaningful prisoner welfare and rehabilitation initiatives. During the Ahmedabad International Book Festival 2025, the transformative efforts within the prison system were highlighted through a dedicated stall set up by the Ahmedabad Central Jail.

As a key strategic partner in these social endeavors, the Atri – Special Learner Support Center of BAOU actively participated in the initiative. The primary objective was to raise public awareness regarding ongoing prison welfare activities and the collaborative rehabilitation projects undertaken by various institutions.

The stall was honored by a special visit from the renowned litterateur Padmashree Tushar Shukla. He expressed deep appreciation for the program, stating he was profoundly impressed by the dedication and the visible impact of these welfare initiatives.

Through education, skill-building, and structured reintegration programs, BAOU and its partners are taking significant steps toward a more compassionate and equitable society. This collaboration remains a cornerstone of the university's mission to foster social change through the power of learning.





# સરદાર @150 અંતર્ગત ભવ્ય એકતા રેલીનું આયોજન

17 નવેમ્બર, 2025

અમદાવાદ: લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે 'સરદાર @150' કાર્યક્રમ અંતર્ગત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું. 17 નવેમ્બર, 2025ના રોજ સવારે 09:00 કલાકે આયોજિત આ રેલી બોપલ વકીલ સાહેબ બ્રિજથી ઉમિયા માતાજી મંદિર, બોપલ સુધી યોજાઈ.

યુનિવર્સિટીનાં આદરણીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયના કુશળ માર્ગદર્શન હેઠળ એક્સ્ટેન્શન વિભાગ દ્વારા આ પ્રેરણાદાયી કાર્યક્રમ આકાર પામ્યો. આ આયોજનમાં ડૉ. કૃતિબેન છાયાનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો. રેલીના સફળ સંચાલન અને પ્રતિનિધિત્વમાં ડૉ. નીતુ કનારા, ડૉ. પુનીત થાનકી તથા ડૉ. પ્રવીણ રાઠોડે મહત્ત્વની ભૂમિકા નિભાવી.

આ પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પરિવારે ઉત્સાહભેર જોડાઈને સરદાર સાહેબના રાષ્ટ્રનિર્માણના સંદેશને જન-જન સુધી પહોંચાડ્યો. શિસ્તબદ્ધ રીતે યોજાયેલી આ રેલીએ નાગરિકોમાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ભાવનાને વધુ સુદૃઢ બનાવી. યુનિવર્સિટી પરિવારની આ સક્રિય ભાગીદારી સરદાર સાહેબના મૂલ્યો પ્રત્યેની તેમની કટિબદ્ધતા પ્રદર્શિત કરે છે.





# ‘નશામુક્ત ભારત’ અભિયાન અંતર્ગત વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન

**18 નવેમ્બર, 2025**

**અમદાવાદ:** રાષ્ટ્રવ્યાપી ‘નશામુક્તિ અભિયાન’ને વેગ આપવાના ઉમદા આશય સાથે સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલા વિવિધ પ્રવૃત્તિલક્ષી પરિપત્રને અનુસરીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો. ‘નશામુક્ત ભારત’ શીર્ષક હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ ઇન-હાઉસ સફાઈ કર્મચારીઓએ ભાગ લીધો.

યુનિવર્સિટીનાં આદરણીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ એક્સ્ટેન્શન વિભાગ દ્વારા આ મંગલકારી આયોજન કરવામાં આવ્યું. એક્સ્ટેન્શન વિભાગના હેડ ડૉ. કૃતિબેન છાયા અને ડૉ. નીતુબેન કનારાના આયોજનથી આ કાર્યક્રમ પ્રભાવશાળી રહ્યો.

કાર્યક્રમ દરમિયાન ડૉ. કૃતિબેન છાયા દ્વારા ‘નશામુક્ત ભારત’ વિષય પર પ્રેરક વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું, જેમાં તેમણે વ્યસનથી વ્યક્તિ, પરિવાર અને સમાજ પર થતી ગંભીર અસરો વિશે સમજ પૂરી પાડી. સાથોસાથ, વ્યસનમુક્તિના સંદેશને વધુ અસરકારક રીતે સમજાવવા માટે સફાઈ કામદારો અને વિદ્યાર્થીઓને આ વિષય પર આધારિત એક વિશેષ શોર્ટ ફિલ્મ પણ બતાવવામાં આવી.

સમાજના પાયાના એકમ એવા સફાઈ કર્મચારીઓને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલી આ પહેલ યુનિવર્સિટીની સામાજિક ઉત્તરદાયિત્વની ભાવનાને વધુ સુદૃઢ બનાવે છે.



# અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ-2025: જ્ઞાનવર્ધક પુસ્તકોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ

19 નવેમ્બર, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયજીના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ, યુનિવર્સિટી પરિવાર દ્વારા શૈક્ષણિક અને બૌદ્ધિક વિકાસની દિશામાં વધુ એક મહત્ત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું. અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ-2025 અન્વયે 19 નવેમ્બર, 2025ના રોજ યુનિવર્સિટીના વિવિધ વિભાગોના તજજ્ઞ અધિકારીશ્રીઓના એક પ્રતિનિધિ મંડળે પ્રદર્શનની મુલાકાત લીધી.

આ મુલાકાત દરમિયાન ડૉ. કૃતિ છાયા, ડૉ. દીપ્તિબા ગોહિલ, ડૉ. નિગમ પંડ્યા, ડૉ. ધવલ પંડ્યા, ડૉ. ભાગ્યશ્રી રાજપૂત, ડૉ. નીતુ કનારા, ડૉ. રાખી જૈન, ડૉ. બિજલ રાવલ, ડૉ. આદિત્ય જોશી સહિત વહીવટી વિભાગનાં સુશ્રી દિવ્યાબેન દરજી, સુશ્રી હેતલબેન જોશી, સુશ્રી ગાયત્રી ગોહીલ, શ્રી શ્યામભાઈ પટેલ અને શ્રી શુભમભાઈ તિવારી ઉપસ્થિત રહ્યાં.

મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સામગ્રીની પસંદગી કરવાનો રહ્યો. પ્રતિનિધિ મંડળના સભ્યોએ વિવિધ વિષયોના સ્ટોલ્સની ઝીણવટભરી મુલાકાત લઈને, વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ અને સંશોધન કાર્યમાં પૂરક બની રહે તેવા શ્રેષ્ઠ પુસ્તકોની યાદી તૈયાર કરી. આ પ્રક્રિયા દ્વારા આગામી સમયમાં યુનિવર્સિટીના ગ્રંથાલયને વધુ સમૃદ્ધ બનાવી વિદ્યાર્થીઓને અદ્યતન જ્ઞાનનો લાભ મળે તેવું આયોજન સુનિશ્ચિત કરવામાં આવ્યું.

પુસ્તક મહોત્સવમાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓની આ સક્રિય ભાગીદારી સંસ્થાની જ્ઞાન-ઉપાસના અને વિદ્યાર્થીલક્ષી અભિગમને વધુ ઉજાગર કરે છે.



# ભગવાન બિરસા મુંડાજીની 150મી જન્મજયંતી નિમિત્તે આયોજિત નિબંધ સ્પર્ધાના વિજેતાઓની જાહેરાત

28 નવેમ્બર, 2025

અમદાવાદ: ભારત સરકાર દ્વારા ઉજવાઈ રહેલા 'જન-જાતીય ગૌરવ વર્ષ' મહોત્સવ અંતર્ગત, આદિવાસી જન-નાયક ભગવાન બિરસા મુંડાજીની 150મી જન્મજયંતીના પાવન અવસરે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા એક વિશેષ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં યુનિવર્સિટીના વિવિધ પ્રાદેશિક કેન્દ્રોના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં પાટણ પ્રાદેશિક કેન્દ્રના વિદ્યાર્થી પ્રજાપતિ અંજલી અશોકભાઈએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. દ્વિતીય ક્રમે સુરત પ્રાદેશિક કેન્દ્રના વિદ્યાર્થી બલદાણિયા કાજલબેન છગનભાઈ વિજેતા જાહેર થયા છે, જ્યારે તૃતીય ક્રમ પણ સુરત પ્રાદેશિક કેન્દ્રના જ વિદ્યાર્થી કાકડિયા બ્રિજેશ રમેશભાઈએ મેળવ્યો છે. આ ઝળહળતી સિદ્ધિ બદલ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાય તથા સમગ્ર યુનિવર્સિટી પરિવાર દ્વારા તમામ વિજેતાઓને હાર્દિક અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી છે.



# 'ગીતા જયંતી' નિમિત્તે ગીતાશ્લોકગાન સ્પર્ધા યોજાઈ

01 ડિસેમ્બર, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ, હિન્દુ સ્ટડીઝ વિભાગ તથા ભારતીય જ્ઞાન-પરંપરા વિભાગના સંયુક્ત ઉપક્રમે 'શ્રીમદ્ભગવદ્ગીતા જયંતી'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. માર્ગશીર્ષ શુક્લ એકાદશીના પાવન અવસરે આયોજિત આ કાર્યક્રમમાં ગીતાજીના 12મા અધ્યાયની 'ગીતાશ્લોકગાન સ્પર્ધા' મુખ્ય આકર્ષણ રહી.

કાર્યક્રમનો પ્રારંભ યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાય, કમ્પ્યુટર વિભાગના નિયામક ડૉ. નિલેશ મોદી, સ્પર્ધાના નિર્ણાયક અને સંસ્કૃત વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. વિનોદ માજીરાણા તથા ડૉ. મુકેશ ઈઢારિયા અને હિન્દી વિભાગનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. અર્ચના મિશ્રાના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા થયો. આ પ્રસંગે ભારતીય જ્ઞાન-પરંપરા વિભાગના પ્રાધ્યાપક શ્રી જૈમિન દવેએ શાસ્ત્રોક્ત વિધિથી શ્રીમદ્ભગવદ્ગીતાનું પૂજન કરાવ્યું.

પ્રાસંગિક ઉદ્બોધન કરતા ડૉ. મુકેશ ઈઢારિયાએ માનવ જીવનમાં ગીતાજીની મહત્તા પર પ્રકાશ પાડ્યો. અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે કર્મસિદ્ધાંતની ગહન વ્યાખ્યા પ્રસ્તુત કરી. તેમણે સંસ્કૃત વિભાગના અધ્યાપકો સમક્ષ શ્રીમદ્ભગવદ્ગીતા વિષયક વિશેષ 'પ્રમાણપત્ર અભ્યાસક્રમ' શરૂ કરવા અંગેની ઈચ્છા વ્યક્ત કરી હતી. કાર્યક્રમ દરમિયાન સભાગૃહમાં ઉપસ્થિત સૌ ભાવિકોએ સામૂહિક રીતે ગીતાજીના 12મા અધ્યાયનું ભાવપૂર્ણ પારાયણ કર્યું.

ગીતાશ્લોકગાન સ્પર્ધામાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સ્પર્ધકોનું મૂલ્યાંકન શુદ્ધ ઉચ્ચારણ, કંઠસ્થીકરણ, આરોહ-અવરોહ અને પ્રસ્તુતિના આધારે કરવામાં આવ્યું. સ્પર્ધામાં પ્રથમ સ્થાન બિન્દીબહેન ચૌહાણ, દ્વિતીય સ્થાન પ્રમોદભાઈ લાભશંકર ઉપાધ્યાય અને તૃતીય સ્થાન ડૉ. હીનાબહેન રાવલે પ્રાપ્ત કર્યું. વિજેતાઓને કુલગુરુના હસ્તે શ્રીમદ્ભગવદ્ગીતા (રામાનુજ ભાષ્ય) અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા.

યુનિવર્સિટી દ્વારા દરેક પ્રતિભાગીને પ્રોત્સાહન સ્વરૂપે પ્રમાણપત્ર અને શ્રીમદ્ભગવદ્ગીતાનો ગ્રંથ ભેટ અપાયો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિભાગનાં પ્રાધ્યાપિકા ડૉ. પાયલ ચાવડાએ સંભાળ્યું, જ્યારે આભારવિધિ હિન્દુ સ્ટડીઝ વિભાગના પ્રાધ્યાપક જય ચુડાસમાએ આટોપી. સહુના સહકારથી કાર્યક્રમ ગરિમાપૂર્ણ રીતે સફળ રહ્યો.









# ‘સંવિધાન દિવસ’ની ગરિમાપૂર્ણ ઉજવણી: બંધારણના આમુખનું સામૂહિક પઠન કરાયું

**26 નવેમ્બર, 2025**

**અમદાવાદ:** ભારતીય લોકશાહીના પાયા સમાન બંધારણને આત્મસાત કરવાના પવિત્ર અવસરે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 26 નવેમ્બર, 2025ના રોજ ‘સંવિધાન દિવસ’ (બંધારણ દિવસ)ની અત્યંત શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે યુનિવર્સિટીના તમામ વિભાગોના પ્રતિનિધિઓએ એકઠા થઈને ભારતીય બંધારણના આમુખનું સામૂહિક પઠન કરી રાષ્ટ્રના સર્વોચ્ચ કાયદા પ્રત્યે પોતાની નિષ્ઠા વ્યક્ત કરી.

આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં માનનીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયની વિશેષ ઉપસ્થિતિ રહી. તેમની સાથે કુલસચિવશ્રી, યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓ (Schools)ના નિયામકશ્રીઓ તેમજ શૈક્ષણિક અને વહીવટી વિભાગના તમામ કર્મચારીઓએ સક્રિય રીતે ભાગ લીધો.

માનનીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયે પોતાના પ્રેરણાદાયી ઉદ્બોધનમાં જણાવ્યું કે બંધારણના આમુખનું માત્ર પઠન કરવું જ પૂરતું નથી, પરંતુ તેમાં રહેલા ઉમદા સિદ્ધાંતોને આપણા દૈનિક જીવન અને કાર્યશૈલીમાં અમલમાં મૂકવાની તાતી જરૂરિયાત છે. તેમણે લોકશાહી મૂલ્યો પ્રત્યેની યુનિવર્સિટીની કટિબદ્ધતા દોહરાવીને ભારતીય નાગરિક તરીકેની આપણી ફરજો અને અધિકારો વચ્ચેના સંતુલન પર ભાર મૂક્યો.

આ પાવન અવસરે યુનિવર્સિટી પરિવાર દ્વારા એવો સંકલ્પ કરવામાં આવ્યો કે આપણે સૌ બંધારણીય મૂલ્યોને આત્મસાત કરીએ અને સમાનતા, ન્યાય તથા સ્વતંત્રતાપૂર્ણ આદર્શ સમાજના નિર્માણમાં પોતાનું સક્રિય યોગદાન આપીએ. એકંદરે, આ આયોજનથી યુનિવર્સિટી પરિસરમાં બંધારણીય જાગૃતિ અને રાષ્ટ્રપ્રેમનો નૂતન સંચાર થયો.







# BAOU Marks World Disability Day with 'World Ability Day' Celebrations and Faculty Training

04 December, 2025

Ahmedabad: On the occasion of World Disability Day, Dr. Babasaheb Ambedkar Open University (BAOU) organized a significant program to celebrate 'World Ability Day' with great enthusiasm and a clear sense of purpose. Under the visionary mentorship of the Hon'ble Vice Chancellor, Prof. Dr. Ami Upadhyay, the ATRI Special Learner Support Center conducted an insightful training session aimed at sensitizing university faculty toward inclusive education.

The primary objective of the program was to create comprehensive awareness among the faculty members regarding the 21 types of disabilities as defined under the Rights of Persons with Disabilities (RPWD) Act. The presence of Vice Chancellor Prof. Dr. Ami Upadhyay graced the occasion, where she shared her profound perspectives on disability empowerment—a cause she holds in high regard. During her address, she emphasized the necessity of an inclusive academic environment and proposed the introduction of specialized micro-credential programs on disability to further strengthen the university's commitment to this mission.






The technical sessions were led by Dr. Nigam B. Pandya and Smt. Viral Thakar, who provided valuable insights into various categories of disabilities, significantly enriching the understanding of the participants. Their informative discourse focused on the practical aspects of supporting special learners within the higher education framework.

The university staff expressed deep appreciation for this initiative and collectively conveyed their willingness to contribute to the ATRI center. The faculty members pledged their support to the special learner community, aiming to foster a more inclusive and empowered academic society. The program concluded on a successful note, reinforcing the university's journey toward social inclusion and educational equity.





# ‘ગીતા જયંતી’ નિમિત્તે ગીતાશ્લોકગાન સ્પર્ધા યોજાઈ

04 ડિસેમ્બર, 2025

અમદાવાદ: સર્વ સમાવેશી શિક્ષણના પ્રણેતા અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયના કુશળ નેતૃત્વ હેઠળ યુનિવર્સિટી ખાતે ‘શ્રીમદ્ભગવદ્ગીતા જયંતી’ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટીના ધ્યેયસૂત્ર ‘સ્વાધ્યાય: પરમં તપ:’ અને ‘સૌ ભણે, સૌ આગળ વધે’ના સંકલ્પને સાકાર કરતા આ પ્રસંગે કુલગુરુના માર્ગદર્શન હેઠળ જ્ઞાન અને ભક્તિનો સંગમ જોવા મળ્યો.

સમય, સ્થળ અને વયના બંધનોથી મુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવતી આ યુનિવર્સિટી દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત વડીલ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ગીતાજીના જીવનલક્ષી મૂલ્યો વિશે પોતાના વિચારો પ્રસ્તુત કર્યા. આ અવસરે એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો કે શિક્ષણ માત્ર પુસ્તકો સુધી સીમિત ન રહેતા, માનવ જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું એક શક્તિશાળી માધ્યમ બને તે અનિવાર્ય છે. કુલગુરુના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી શિક્ષણની જ્યોતને સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે સતત કાર્યરત છે.

ગીતાશ્લોકગાન સ્પર્ધામાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સ્પર્ધકોનું મૂલ્યાંકન શુદ્ધ ઉચ્ચારણ, કંઠસ્થીકરણ, આરોહ-અવરોહ અને પ્રસ્તુતિના આધારે કરવામાં આવ્યું. સ્પર્ધામાં પ્રથમ સ્થાન બિન્દીબહેન ચૌહાણ, દ્વિતીય સ્થાન પ્રમોદભાઈ લાભશંકર ઉપાધ્યાય અને તૃતીય સ્થાન ડૉ. હીનાબહેન રાવલે પ્રાપ્ત કર્યું. વિજેતાઓને કુલગુરુના હસ્તે શ્રીમદ્ભગવદ્ગીતા (રામાનુજ ભાષ્ય) અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા.


યુનિવર્સિટી દ્વારા દરેક પ્રતિભાગીને પ્રોત્સાહન સ્વરૂપે પ્રમાણપત્ર અને શ્રીમદ્ભગવદ્ગીતાનો ગ્રંથ ભેટ અપાયો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિભાગનાં પ્રાધ્યાપિકા ડૉ. પાયલ ચાવડાએ સંભાળ્યું, જ્યારે આભારવિધિ હિન્દુ સ્ટડીઝ વિભાગના પ્રાધ્યાપક જય ચુડાસમાએ આટોપી. સહુના સહકારથી કાર્યક્રમ ગરિમાપૂર્ણ રીતે સફળ રહ્યો.

# डॉ. बाबासाहेब अंबेडकर मुक्त विश्वविद्यालय द्वारा महापरिनिर्वाण दिवस पर बाबासाहेब को भावांजलि

**06 दिसंबर, 2025**

अहमदाबाद: महापरिनिर्वाण दिवस के पावन अवसर पर डॉ. बाबासाहेब अंबेडकर मुक्त विश्वविद्यालय परिवार द्वारा भारत रत्न डॉ. भीमराव अंबेडकर जी को श्रद्धासुमन अर्पित किए गए। विश्वविद्यालय के लिए यह अत्यंत गौरव का विषय है कि इस संस्थान का नाम उस महान विभूति के नाम पर है, जिन्होंने भारतीय समाज को समानता, न्याय और बंधुत्व का शाश्वत दर्शन प्रदान किया।

डॉ. अंबेडकर जी के कालजयी विचार, 'मैं किसी समुदाय की प्रगति उस समुदाय की महिलाओं की प्रगति से मापता हूँ', आज भी आधुनिक समाज के लिए प्रेरणापुंज हैं। उनके इसी दृष्टिकोण को आधार मानकर विश्वविद्यालय स्त्री सशक्तिकरण, शिक्षा और सामाजिक समता के क्षेत्र में निरंतर प्रयासरत है। विश्वविद्यालय प्रशासन और समस्त शैक्षणिक परिवार बाबासाहेब के आदर्शों को आत्मसात करते हुए समाज के हर वर्ग और वंचित समुदाय के लिए शिक्षा के द्वार सुलभ कराने हेतु संकल्पबद्ध है।



# ‘સ્વદેશોત્સવ-2025’માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સ્ટાર્ટઅપ અને ઈનોવેશન સ્ટોલનું પ્રદર્શન

**06 ડિસેમ્બર, 2025**

**અમદાવાદ:** સ્વર્ણિમ ભારતવર્ષ ફાઉન્ડેશન અને સ્વદેશી જાગરણ મંચના સંયુક્ત ઉપક્રમે અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે તા. 05થી 09 ડિસેમ્બર, 2025 દરમિયાન ‘સ્વદેશોત્સવ-2025’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનું ઉદ્ઘાટન માનનીય કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે સંપન્ન થયું. આ પ્રદર્શનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના નૂતન સ્ટાર્ટઅપ, ઈનોવેશન પ્રોજેક્ટ્સ અને ઉદ્યોગલક્ષી પ્રવૃત્તિઓને રાષ્ટ્રીય ફલક પર પ્રસ્તુત કરવાના હેતુથી વિશેષ સ્ટોલ રાખવામાં આવ્યો છે.

કાર્યક્રમના પ્રથમ દિવસે માનનીય કુલપતિશ્રીએ યુનિવર્સિટીના સ્ટોલ સહિત પ્રદર્શનના વિવિધ પ્રકલ્પોની મુલાકાત લઈ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ અવસરે મોટી સંખ્યામાં મુલાકાતીઓએ યુનિવર્સિટીના સ્ટોલની મુલાકાત લઈ ‘સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી’ (SSIP) 2.0ના લક્ષ્યાંકો, નાણાકીય સહાયની જોગવાઈઓ તેમજ ગુજરાત સરકારની સ્ટાર્ટઅપ ક્ષેત્રની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

આ ઉપરાંત, મુલાકાતીઓએ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ રોજગારલક્ષી અભ્યાસક્રમો અને શૈક્ષણિક પ્રકલ્પોમાં ઊંડો રસ દાખવ્યો હતો. યુનિવર્સિટીના શૈક્ષણિક સ્ટાફ, ટેકનિકલ ટીમ અને સ્ટુડિયો ટીમના સક્રિય સહયોગથી સ્ટોલનું આયોજન અત્યંત સફળ રહ્યું છે, જે યુનિવર્સિટીની ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.







# BAOUના વિમેન ડેવલપમેન્ટ સેલ દ્વારા મહિલા સફાઈ કર્મચારીઓ માટે સાક્ષરતા અભિયાનનો પ્રારંભ

11 ડિસેમ્બર, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિમેન ડેવલપમેન્ટ સેલ (WDC) દ્વારા મહિલા સાક્ષરતાના મહત્ત્વને કેન્દ્રમાં રાખીને યુનિવર્સિટીની મહિલા સફાઈ કર્મચારીઓને સાક્ષર બનાવવાનું એક પ્રશંસનીય અને ઉમદા કાર્ય આરંભાયું છે. આદરણીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયની પ્રેરણાથી મહિલાઓમાં આત્મવિશ્વાસ વધે અને તેમની આંતરિક ક્ષમતાઓનો વિકાસ થાય તે હેતુથી આ સાક્ષરતા યાત્રાનું મહત્ત્વનું ચરણ શરૂ કરવામાં આવ્યું છે.

સાક્ષરતા વર્ગના શુભારંભ પ્રસંગે વિમેન ડેવલપમેન્ટ સેલનાં સભ્યો ડૉ. દીપ્તીબા ગોહિલ, ડૉ. નિગમ પંડ્યા, ડૉ. નિશા જોશી, ડૉ. કેતન મકવાણા તથા જીજ્ઞાબહેન પંડ્યા સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન ડૉ. ઈશાની પટેલે કર્યું હતું. WDCનાં અધ્યક્ષ ડૉ. કૃતિ છાયાએ સફાઈ કર્મચારીઓને સંબોધતા શિક્ષણનું મૂલ્ય સમજાવ્યું હતું અને આ અભ્યાસમાં નિયમિતતા જાળવી સ્વ-વિકાસ સાધવા પ્રોત્સાહિત કર્યા હતા. યુનિવર્સિટીનો આ પ્રકલ્પ સામાજિક ઉત્તરદાયિત્વ અને સર્વસમાવેશી શિક્ષણની દિશામાં એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડે છે.



# BAOU Celebrates 'Bharatiya Bhasha Utsav' with the Theme 'Ek Aur Bharatiya Bhasha Sikhen'

**11 December, 2025**

**Ahmedabad:** Under the visionary mentorship of the Hon'ble Vice Chancellor, Prof. Ami Upadhyay, the School of Humanities and Social Sciences at Dr. Babasaheb Ambedkar Open University (BAOU) organized a vibrant event to mark 'Bharatiya Bhasha Utsav'. The celebration, centered on the theme 'Ek Aur Bharatiya Bhasha Sikhen' (Learn One More Indian Language), aimed at fostering linguistic harmony and cultural exchange.

The event, anchored by Dr. Maharudrapratasinh Chauhan, Assistant Professor (Social Work), featured faculty members from various states sharing their native linguistic heritage. Dr. Mukesh Idhariya, Assistant Professor (Sanskrit), explored the historical and literary significance of Sanskrit, while Dr. Shubham Tivari, Assistant Professor (Hindi), highlighted the unique nuances of the Avadhi language. Dr. Bandita Rani, Research Assistant, presented a session on Odia, complemented by an original poem reflecting the language's beauty.

Representing the regional heritage, Dr. Neetu Kanara, Assistant Professor (Gujarati), emphasized the cultural depth of Gujarati literature. In a comparative perspective, Dr. Yesha Bhatt, Assistant Professor (English), discussed the profound influence of Indian languages on English. Dr. Yogendra Parekh, Director of the School of Humanities and Social Sciences, addressed the crucial role of translation in bridging linguistic gaps. Furthermore, Dr. Alpeshkumar Parmar demonstrated diversity by pairing a talk on Gujarati with a Hindi poem, and Dr. Archana Mishra, Assistant Professor (Hindi), illustrated the historical fusion of Persian and Indian languages through a recitation of Khusro ki Sukhne.

Focusing on the future of linguistics, Dr. Nigam Pandya, Assistant Professor (Education), highlighted the vital role of digital media in promoting Indian languages. The program concluded with a vote of thanks by Dr. Ankit Parmar, Assistant Professor (English). The celebration successfully underscored the importance of linguistic diversity as a cornerstone of our cultural heritage and global understanding.

# BAOU દ્વારા નવપ્રવેશી વિદ્યાર્થીઓ માટે ‘અભિમુખતા બેઠક’નું આયોજન



**15 ડિસેમ્બર, 2025**

**અમદાવાદ:** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અમદાવાદ પ્રાદેશિક કેન્દ્ર દ્વારા નવા શૈક્ષણિક સત્ર (AUG-2025)માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે તા. 11 ડિસેમ્બર, 2025ના રોજ યુનિવર્સિટી પરિસર સ્થિત ગૌતમ સભાગૃહમાં ‘અભિમુખતા બેઠક’ (Orientation Program) યોજાઈ. માનનીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમના પ્રારંભે અમદાવાદ પ્રાદેશિક કેન્દ્રનાં નિયામક ડૉ. દીપ્તીબા ગોહિલે કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. અધ્યક્ષીય ઉદ્બોધનમાં કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયે દૂરવર્તી શિક્ષણના હાર્દને સમજાવતા વર્તમાન સમયમાં BAOUની વૈશ્વિક ભૂમિકા અને વિવિધ પ્રવૃત્તિઓની વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે યુનિવર્સિટીના અવિરત સક્રિય વિકાસ અને પરિણામલક્ષી કાર્યપદ્ધતિ પર વિશેષ ભાર મૂક્યો હતો.

વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે વિવિધ વિભાગોના વડાઓએ ટેકનિકલ પાસાઓની ઊંડાણપૂર્વક સમજ આપી હતી:

- ડૉ. દીપ્તીબા ગોહિલ (નિયામક, પ્રાદેશિક કેન્દ્ર): પ્રાદેશિક કેન્દ્રની કાર્યપ્રણાલી.
- ડૉ. નિશા જોષી (નિયામક, સ્ટુડન્ટ ડેવલપમેન્ટ): વિદ્યાર્થી વિકાસલક્ષી પ્રવૃત્તિઓ.
- ડૉ. હિમાંશુ પટેલ (હેડ, પ્રવેશ વિભાગ): ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા.
- ડૉ. આવા શુક્લા (નિયામક, પરીક્ષા વિભાગ): પરીક્ષા પદ્ધતિ અને નિયમો.
- ડૉ. નિગમ પંડ્યા (હેડ, મટીરિયલ વિભાગ): અભ્યાસ સામગ્રીનું વિતરણ.
- ડૉ. મીનાબેન રાજપૂત (હેડ, અસાઈનમેન્ટ વિભાગ): અસાઈનમેન્ટ લેખન અને જમા કરવાની પદ્ધતિ.
- ડૉ. વિનોદ માજીરાણા (હેડ, સ્કોલરશીપ વિભાગ): વિવિધ શિષ્યવૃત્તિ સહાય સેવાઓ.







દરેક સત્ર દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાની જિજ્ઞાસા સંતોષવા પ્રશ્નો પૂછ્યા હતા, જેના સંબંધિત વિભાગો દ્વારા સંતોષકારક ઉત્તરો અપાયા હતા. આ જીવંત સંવાદને કારણે બેઠક અત્યંત પ્રભાવી રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમદાવાદ પ્રાદેશિક કેન્દ્રના મદદનીશ નિયામક શ્રી સાહિસ્તા મલેક દ્વારા કુશળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

પ્રાદેશિક કેન્દ્રોના નિયામક પ્રો. પ્રિયાંકી વ્યાસના માર્ગદર્શન અને 'Team BAOU'ના સહિયારા પ્રયાસોથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. કાર્યક્રમના અંતે અલ્પાહાર બાદ વિદ્યાર્થીઓ મૂલ્યવાન માર્ગદર્શન અને અભ્યાસ સામગ્રી મેળવી વિદાય થયા હતા.



# BAOU Conferred with National Excellence Honour at the Pride of Nation Awards 2025

17 December, 2025

New Delhi: In a moment of immense pride for the state of Gujarat, Dr. Babasaheb Ambedkar Open University (BAOU) has been honored with the prestigious National Excellence Honour at the Pride of Nation Awards 2025. This esteemed recognition acknowledges the university's impactful initiatives in patriotism, leadership, community service, youth empowerment, and value-based education.

Under the visionary leadership of the Hon'ble Vice Chancellor, Prof. Ami Upadhyay, BAOU received this distinguished accolade organized by Veterans India, in proud collaboration with AICTE, NBA, AIU, and EPSI. The ceremony was held on the auspicious occasion of Vijay Diwas, 16 December 2025, at the NDMC Convention Centre in New Delhi.

The award was presented by eminent dignitaries, including:

Shri Sanjay Seth, Hon'ble Minister of State for Defence, Government of India.

Shri Anil Sahasrabudhe, Chairman, National Educational Technology Forum (NETF).

Prof. T. G. Sitharam, Chairman, All India Council for Technical Education (AICTE).

This recognition stands as a testament to BAOU's unwavering commitment to inclusive, innovative, and quality higher education. It further highlights the university's continued contribution to nation-building through accessible learning. Heartiest congratulations were extended to Prof. Ami Upadhyay and the entire BAOU fraternity for this remarkable achievement, which inspires the institution to continue its journey toward educational excellence for all.









# BAOU's School of Computer Science Conducts Successful Induction Programme for New Learners

31 December, 2025

Ahmedabad: The School of Computer Science at Dr. Babasaheb Ambedkar Open University (BAOU), Ahmedabad, successfully organized a comprehensive Induction Programme to orient newly admitted learners toward the university's Open and Distance Learning (ODL) and Online Learning (OL) ecosystem. The event witnessed an overwhelming response, with 716 learners registering and actively participating, reflecting strong enthusiasm and commitment from the student community.

The primary objective of the programme was to assist learners in understanding the ODL and OL framework, navigating crucial academic and administrative processes, and effectively utilizing learner support services and digital platforms.

Key highlights covered during the sessions included:

- The working mechanism of ODL and Online Learning at BAOU.
- Student Support Services and Learner Support Centres.
- Guidelines for assignments, examinations, and project work.
- Access to Self-Learning Materials (SLMs) in both print and digital formats.
- Procedures for re-registration and understanding the academic cycle.
- Opportunities regarding training, placement, and the BAOU Alumni Association.






The event was presided over by the Hon'ble Vice Chancellor, Prof. Ami Upadhyay, who inspired the learners with her visionary address, emphasizing the university's commitment to quality education.

Dr. Nilesh Modi, Director of the School of Computer Science, elaborated on BAOU's journey, achievements, and the specific role of the school in fostering technical education. Furthermore, Dr. Himanshu Patel, Assistant Professor, provided detailed guidance on SLMs, assignments, and examinations, while Dr. Shivang Patel, Associate Professor, explained the guidelines for projects, internships, and placement pathways.

The Induction Programme was held on 20 December, 2025, at the Kashyap Auditorium, 'Jyotirmay' Parisar, BAOU, Ahmedabad. This initiative has laid a strong foundation for learners to confidently begin their academic journey with clarity and purpose.










YouTube

facebook

Instagram

LinkedIn

(Twitter)







**Published By:**

**Dr. Babasaheb Ambedkar Open University**

'Jyotirmay' Parisar,

Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad - 382 481.

પરામર્શક: પ્રો. યોગેન્દ્ર પારેખ | સંપાદક: ડૉ. રજનીકુમાર પરમાર, પ્રા. હેતલ જોષી

ગ્રાફિક ડિઝાઈનર: કલરવ દવે | ફોટોગ્રાફ્સ: ચૈતન્ય સ્ટુડિયો, BAOU.